# નિયમ સગ્રહઃ-(૩)

# દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિઃ-

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પાસે આવતી કાયદો અને વ્યવસ્થાને લગતી તેમજ વહીવટી બાબતોનો આખરી નિર્ણય તેઓ જાતે સત્તામર્યાદામાં કરે છે.તદઉપરાંત વિભાગીય કક્ષાએ તાબાનાં પોલીસ સ્ટેશન/કચેરીઓ ને લગતી બાબતોનો નિકાલ નાયબ પોલીસ અધિક્ષકશ્રી તેઓને મળેલ સત્તા મર્યાદામાં કરે છે.જયારે પોલીસ સ્ટેશન કક્ષાએ કોઈ વહીવટી નિર્ણયો લેવાનાં હોતાં નથી.માત્ર ગુન્હાઓ સંબંધિત કામગીરી અંગે પ્રથમ તબકકે ફરીયાદ નોંધી તે અંગેની પુરતી તપાસ હાથ ધરી,પુરાવાઓ,મુદ્દામાલ વિગેરે મેળવી જરૂર જણાય નિષ્ણાંતોનો અભિપ્રાય મેળવીને નામદાર કોર્ટમાં ગુન્હાને લગતું ચાર્જશીટ કરવામાં આવે છે.નામ.કોર્ટની મુદતોએ હાજર રહી,ગુન્હેગારોને કાયદા મુજબ સજા થાય તે માટે સતત આખરી નિકાલ થતા સુધી કાર્યવાહી કરવામાં આવે છે.